એપ્રિલ- ૨૦૨૫

અંક – ૬૪


**સંપાદકીય બોર્ડ**
- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા


## અનુક્રમણિકા


- ખબર જ ના પડી
- I am GMDC , We are GMDC
- CHOOSING THE RIGHT FILE FORMAT
- तारों का कारवां
- प्रारब्ध, पुरुषार्थ और परमार्थ
- શિક્ષકની ઓળખ
- નાના હતા ત્યારે... એક જમાનો હતો...
- જાપાની ચોખાના દાણા
- શાળાની પ્રવૃત્તિઓ


# અરુણોદય




ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ‘‘અરૂણોદય’’ એપ્રિલ -૨૦૨૫ , અંક-૬૪ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઇપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું. - તંત્રી

# ખબર જ ના પડી




વી.જી.રાઠોડ
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક




ખબર જ ના પડી
શું પામ્યા શું ગુમાવ્યું
ખબર જ ના પડી.
બચપણ ગયુ, ગઇ જવાની
ક્યારે પ્રૌઢ: થયા , ખબર જ ના પડી.
કાલ સુધી દીકરો હતો, ક્યારે દાદા , નાના
થયો , ખબર જ ના પડી.
કોઇ કહેતુ ડફોળ છે , કોઇ કહેતુ હોશિયાર છે
શું સાચુ હતું , ખબર જ ના પડી.
પહેલા માં-બાપનું ચાલ્યું , પછી પત્નીનું ચાલ્યું
પછી છોકરાઓનું ચાલ્યું,
મારુ ક્યારે ચાલ્યું , ખબર જ ના પડી.
દિલ કહે છે હજુ જવાન છું
ઉમ્ર કહે છે સાવ નાદાન છું
બસ આ જ ચક્કરમાં ક્યારે
પગ ઘસાઇ ગયા , ખબર જ ના પડી.
વાળ જતા રહ્યા, ગાલ લબડી પડયાં
ચશ્મા આવી ગયા , ક્યારે સુરત બદલાઇ ગઇ
ખબર જ ના પડી.



# I am GMDC ,
# We are GMDC



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન એટલે મનુષ્ય . તમામ માનવની ઓળખ અંદર બેઠેલા રામના લીધે છે. 'રામ નહિ તો પ્રાણ નહિ.' 'રામ' છે તો 'રામ' 'રામ' બોલાય . રામ નહિ તો 'રામ બોલો ભાઈ રામ'. આ થઈ ઈશ્વર થકી આપણી પ્રથમ ઓળખ.

તો વળી મનુષ્ય તેના કર્મ અને ધર્મથી પણ ઓળખાય છે જે સ્થળ કે જગ્યા પર માનવ પોતાની આજીવિકા માટે, અર્થોપાર્જન માટે કાર્ય કરતો હોય તે તેની કર્મભૂમિ બને છે. જે રીતે જનની અને જન્મભૂમિ સ્વર્ગથી મહાન છે તેવી રીતે 'કર્મભૂમિ' ની મહત્તા ઓછી આંકી શકાય નહિ.

જે રીતે શિક્ષક માટે શાળાના વિધાર્થીઓ સાચી મૂડી છે તે રીતે જે-તે સંસ્થા, ઉધોગ કે 'નિગમ' માટે તેમાં કામ કરતા નાનામાં નાના માણસથી માંડી મોટામાં મોટા પદ પર બિરાજમાન વ્યક્તિઓ સાચી મૂડી છે. માનવ પાછળ થતું રોકાણ શ્રેષ્ઠ રોકાણ છે. જ્યાં 'સોય'ની જરૂર હોય ત્યાં તલવાર કામ ન લાગે. તેવી રીતે જ્યાં 'માનવ' ની જરૂર હોય ત્યાં ફક્ત મશીનથી કામ ન ચાલે. કારણકે મશીન પણ ઓપરેટ કરનાર અંતે તો માનવ જ છે.

ઉતમ વ્યવસ્થા તંત્રની રચના માં માનવનું મહત્વ છે. ઉચ્ચ લક્ષ્યાંકો સિધ્ધ કરવાનું શકય ત્યારે બને કે જ્યારે કામ કરતી દરેક વ્યક્તિનાં અભિગમ હકારાત્મક હોય.

વાત કરવી છે GMDC ની ત્યારે દરેક વ્યક્તિને સંસ્થા પોતાની લાગે, માલિકી પણાની ભાવના હોય. પરસ્પર તાલમેલ હોય ત્યા 'One team one dream' નું સ્વપ્ન સાકાર થયા વિના રહે જ નહિ. જ્યાં યંત્રવત કામ થાય છે ત્યાં 'કરવા ખાતર કરવાની' ભાવના દેખાઈ આવે છે. આજે જ્યારે લાખો શિક્ષિત લોકો બેરોજગાર છે ત્યારે 'Thank to God' હે પ્રભુ ! તમે અમને એટલા લાડકા ગણ્યા કે અમે નિગમમાં કાર્યરત છીએ. દેવ+દેવ કૃપા થી મળ્યું છે તો હવે પછી દિમાગ થી આપણે વિચારવાનું છે કોઈપણ વર્કશોપ, શિબિર નું આયોજન આપણામાં રહેલી સુષુપ્ત શક્તિને જગાડવા માટે હોય છે. બસ 'રમી રમી ને છુટ્ટા' એ ભાવના થી કોઈ સાચો નિષ્કર્ષ ન નિકળે. અંગત સ્વાર્થ, પદ-પ્રતિષ્ઠા- પાવર નો અયોગ્ય ઉપયોગ કે નેગેટીવ એટીટયૂડ ધ્યેય સિધ્ધિમાં અંતરાય રૂપ બને છે. સિંહનો attitude સિંહને જંગલનો રાજા બનાવે છે. તેવી જ રીતે દરેક કર્મચારીનો નિગમ પ્રત્યેનો positive attitude જ નિગમને શિખરે પહોંચાડે છે.

તો આવો સાથે મળી જુસ્સાથી કામ કરવા કટિબધ્ધ બનીએઅને આપણી ફરજ શ્રેષ્ઠ રીતે અદા કરીએ.



# CHOOSING THE RIGHT
# FILE FORMAT



મિતેશકુમાર એમ. ઠક્કર
માધ્યમિક શિક્ષક

WEB

## Raster files

Use for web : RGB color mode
loses quality when scaled

**shareble**

### JPG

(Joint Photographic Experts Group)

- image compression
- small file size
- loses quality
- best for photos

### PNG

(Portable Network Graphics)

- lossess compression
- transparency
- best for text or logos

### GIF

(Graphics Interchange Format)

- for web use
- can be animated
- only 256 colors
- low resolution

PRINT

## Vector files

Use for print : CMYK color mode
scalable

**shareble**

### PDF

(Portable Document Format)

- no quality loss
- good for digital + print files
- can be compressed
- can be interactive

### EPS

(Encapsulated Post Script File)

- small file size
- print ready
- perfect for large prints (endless scalable)

### SVG

(Scalable Vector Graphic)

- also used web
- based on XML





### TIFF

(Tagged Image File Format)

- raster files
- big file size
- print ready files (not for web use)
- no quality loss

**work file**

### PSD

(Adobe Photoshop Document)

- layers , masks , channels
- transparency
- big file size
- to use for web export as formats above

**work file**

### AI

(Adobe Illustrator Document)

- layers
- transparency
- small file size
- to prepare for print , export as PDF

# तारों का कारवां



હરિસિંહ સોઢા
અન્ડર સેક્રેટરી,
નર્મદા, જળ સંસાધન,
પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય-ગાંધીનગર
(ભૂતપૂર્વ વિદ્યાર્થી)

कोई भी चांद के पार नहीं चलता,
यार, दिलदार या पहला प्यार ।
वादे व वफ़ा
एक दिन टूट जाएंगे
टूटते तारे की तरह सर र सरर,
चलता रहेगा छल का कारोबार ।
बचपन में सुनाया गया था
"मरने पर आदमी मरता नहीं,
आसमान में तारा बन जाता है!"
तारे कभी रंग नहीं बदलते,
न आती यहां पतझड़ या बहार ।
ज्वार–भाटा तो है इस दुनिया की देन,
आसमान तो है सदाबहार ।।
और,
तारे कभी किसीको
अंधेरे में अकेला छोड़ते नहीं।
वो साथ साथ चलते हैं रातभर,
बरसता रहता है अनंत प्यार ।।
आओ चलो
अब तारे बन जाते हैं,
थोड़ा उत्तर आसमान में टिमटिमाते है ।
सजाते हैं मिल्की वे की एक धार
बनके मोतियों का हार
अलविदा ए दुनिया मुझे है तारों से प्यार
तारों के कारवां चांद के पार चलते हैं,
कोई न छूटा,सब साथ निकलते हैं ।
न यहां कोई जीत,न अब हार
हद अनहद के भी पार
बरसता रहता है अनंत प्यार!
**#missing milky way!**
આ કાળું ભમ્મર આકાશ,ને તારામઢી રાતો
આ રણમાં દોડતી કૂદતી નદી સાથેની વાતો....

# प्रारब्ध, पुरुषार्थ और परमार्थ



**Puneet Singh**
Overman,
Umarsar Lignite Project

किसी समय की बात है, गाँव सतपुर में तीन मित्र रहते थे—प्रारब्ध, पुरुषार्थ और परमार्थ। तीनों एक ही गुरु के शिष्य थे लेकिन उनके विचार बिल्कुल अलग थे।

प्रारब्ध को विश्वास था कि जीवन में सब कुछ पहले से तय होता है। वह हमेशा भाग्य के भरोसे बैठा रहता और मेहनत करने से कतराता।

पुरुषार्थ का मानना था कि मेहनत से सब कुछ बदला जा सकता है। वह हर काम को पूरी लगन और परिश्रम से करता था।

परमार्थ का स्वभाव दूसरों की मदद करने वाला था। वह मानता था कि सच्चा सुख निःस्वार्थ सेवा में है।

### सुनहरा अवसर

एक दिन गाँव में यह खबर फैली कि पहाड़ों के दूसरी ओर एक रहस्यमयी गुफा है, जहाँ एक महान संत रहते हैं। कहते हैं, जो भी उनसे मिलता है, उसे जीवन की सबसे अनमोल दौलत मिलती है। तीनों मित्रों ने संत से मिलने का निश्चय किया।

लेकिन रास्ता कठिन था—घना जंगल, तेज़ बहती नदियाँ और ऊँचे पहाड़। यात्रा शुरू होते ही तीनों मित्रों की सोच स्पष्ट होने लगी।

प्रारब्ध बोला, "अगर मेरे भाग्य में यह दौलत लिखी होगी, तो वह मुझे खुद ही मिल जाएगी। मैं यहाँ आराम से बैठता हूँ।" और वह वहीं एक पेड़ के नीचे बैठ गया।

पुरुषार्थ बोला, "भाग्य सिर्फ आलसी लोगों का सहारा होता है। मैं अपने कर्म से इसे हासिल करूंगा!" और वह निडर होकर आगे बढ़ गया।

परमार्थ भी यात्रा पर निकला, लेकिन उसने सोचा, "अगर इस दौलत में सिर्फ मेरा ही लाभ हो, तो इसका क्या फायदा? अगर रास्ते में किसी की मदद कर सका, तो वही सच्चा खजाना होगा।"

## संघर्ष और सफलता

पुरुषार्थ कठिनाइयों से नहीं घबराया। नदी पार की, जंगल के खतरों से लड़ा, भूख और थकान को सहा, लेकिन अपनी मेहनत से आखिरकार संत तक पहुँच ही गया। संत ने मुस्कुराकर कहा, "तेरी मेहनत ही तेरा सबसे बड़ा खजाना है। जो अपने पुरुषार्थ से अपने लक्ष्य तक पहुँचे, वही सच्चा विजेता होता है।"

परमार्थ की यात्रा कुछ अलग थी। रास्ते में उसने देखा कि एक वृद्ध घायल अवस्था में पड़ा है और कोई उसकी सहायता नहीं कर रहा। परमार्थ ने अपनी यात्रा रोक दी, वृद्ध को पानी पिलाया, उसे कंधे पर उठाया और गाँव तक वापस पहुँचाया। जब वह संत के पास पहुँचा, तो संत ने कहा, "तूने सबसे बड़ी दौलत पहले ही पा ली—निःस्वार्थ सेवा का खजाना। जीवन में सच्ची समृद्धि वही है जो दूसरों के लिए कुछ कर सके।"

## परिणाम और शिक्षा

कई साल बाद, प्रारब्ध ने देखा कि पुरुषार्थ अपनी मेहनत से सफल हो गया है और परमार्थ अपनी सेवा से सबके दिलों में बस गया है। उसने सोचा, "सिर्फ भाग्य के भरोसे बैठे रहना बेकार था। अगर मैंने भी मेहनत की होती या किसी की सहायता की होती, तो मैं भी जीवन की असली दौलत हासिल कर पाता।"

इस कहानी से हमें यह सीख मिलती है कि—

- भाग्य (प्रारब्ध) का असर ज़रूर होता है, लेकिन पुरुषार्थ (मेहनत) से हम अपने जीवन को संवार सकते हैं।
- सच्ची खुशी केवल स्वयं के लाभ में नहीं, बल्कि दूसरों की सेवा (परमार्थ) में है।
- जो सिर्फ भाग्य के भरोसे बैठता है, वह जीवन में पीछे रह जाता है। जो कर्म करता है, वही आगे बढ़ता है।




# શિક્ષકની ઓળખ



ડી.આર. દરજી
પ્રાથમિક શિક્ષક,ATPS

તમે વકીલ, ડોક્ટર, સી.એ. વગેરેનું વિઝીટીંગ કાર્ડ ક્યારેક ને ક્યારેક જોયું હશે. ક્યારેય “શિક્ષક”નું વિઝીટીંગ કાર્ડ જોયું ? આપણે ઉતાવળ નથી,

મસ્તિષ્ક પર ભાર આપીને શાંતિથી યાદ કરો, ક્યારેય જોયું ? શિક્ષક- સમાજ નામનાં સ્તંભ ઉપર સૌથી ટોચે બેઠો છે. તેની પોતાની ઓળખ એક કાગળની ચબરખીને આશ્રિત નથી. એક શિક્ષકની ઓળખ એનું નોલેજ છે, એની વર્તણૂક છે, એની નિષ્ઠા છે.

એક સામાન્ય માણસ અને એક શિક્ષકમાં રહેલો તફાવત ક્યારેય નોંધ્યો છે ? ધૂર્ત બનવાની તુલનામાં બેવકૂફ બનીને પણ સંતોષ માને એ સામાજિક પ્રાણીનું નામ “શિક્ષક” છે. પંતુજી શબ્દ શિક્ષક માટે વપરાય છે. ગર્વ કરો કે, આપણા માટે “લાંચિયો”, “ભ્રષ્ટાચારી” કે “કામચોર” શબ્દ વપરાતો નથી. સ્કૂલ એ તો એક ચોક્કસ સ્થળે ઉભી કરેલી ભૌતિક સગવડ છે. સાચી સ્કૂલ તો શિક્ષકમાં છે. સ્કૂલ છે તો શિક્ષક નથી, શિક્ષક છે તો સ્કૂલ છે !

શિક્ષક શું છે ? જાઓ, એ લોકોને જોઈ આવો જેનાં જીવનમાં શિક્ષક નથી આવ્યો. શિક્ષક ન હોય તો એના પરિણામ કેવા હોય ? એ જોવું હોય તો એ ગામોનો પ્રવાસ કરો જ્યાં છેલ્લાં ઘણાં વર્ષોથી સ્કૂલ કે શિક્ષક નથી. ફિલોસોફર સ્ટોન એટલે કે પારસમણી ક્યારેય પોતાને સોનાનો બનાવી ન શકે પણ એ અન્ય લોખંડના ટુકડાને સુવર્ણ બનાવી દે. ALL TEACHERS ARE PHILOSOPHER'S STONE.

શિક્ષકનાં એક અન્ય હિડન ગુણની વાત કરું. સરકારી નિયમ મુજબ તેણે તમામ બાળકોની જાતિ/જ્ઞાતિ રજીસ્ટરમાં નોંધવી પડે છે. આ વ્યવસાયકારની મહાનતા જુઓ સાહેબ, એ માત્ર રજીસ્ટરમાં જ નોંધ કરે છે ક્યારેય મગજ કે હૈયામાં એની નોંધ કરતો નથી. એનાં માટે તમામ બાળકો સરખા છે. ધનિકનું બાળક હોય કે ગરીબનું, એના માટે એ માત્ર “વિદ્યાર્થી” છે. જો શિક્ષકોએ ક્યારેય એવા ભેદભાવ રાખ્યા હોત તો એક ગરીબનું બાળક ક્યારેય લાલ બહાદુર શાસ્ત્રી ન બની શક્યું હોત !


કેટલાંક ધનકુબેરો પોતાની સંપત્તિનું ૮૦% તો કોઈક ૯૦% દાન કરે છે. બીજા દિવસે છાપાઓમાં એમનાં સ્તુતિ-ગાન થાય છે. એક સાચાં શિક્ષક પાસે જ્ઞાનરૂપી ધન જ હોય છે અને તે પોતાનાં વિદ્યાર્થીઓ પર એ ધન ૧૦૦% ન્યોછાવર કરી દે છે. હવે કહો આનાથી મોટો કોઈ દાનવીર ખરો કે જે પોતાની ૧૦૦% સંપત્તિ લૂંટાવી દેતો હોય ?

એક ગરીબ માં જ્યારે પહેલી વખત પોતાનાં બાળકને નિશાળે મૂકવા આવે છે ત્યારે એ બાળક રડે છે. માં ને પણ એમ થાય છે કે, આ મારું બાળક અહી સ્કૂલમાં કેવી રીતે રહેશે ? તે વખતે એક શિક્ષિકા આવીને એ બાળકનો હાથ ઝાલે છે. એ શિક્ષિકા આંખના ઈશારાથી માં ને જવાનું કહે છે. તે સમયે એક અલૌકિક ઘટના બને છે. જે ઘણાને ધ્યાનમાં નથી. તે સમયે એ બાળક એક માં ની આંગળી મૂકીને બીજી માં ની આંગળી પકડે છે. માં સમાન હોય તે માસ્તર ને બાકીના ટીચર, સમજાય તો સારું.


શિક્ષકનુ સ્થાન ક્યારેય કોઈ નહી લઈ શકે. ટેકનોલોજી પણ નહી. એય અનુભવ સૌને થયો કે, ટેકનોલોજી મગજને બુર્જ ખલીફા બનાવી શકે છે પણ હૃદયને ઉજ્જડ રેગીસ્તાન બનાવી દે છે. સારું જીવન જીવવા બંનેનો વિકાસ જરૂરી છે. એજ્યુકેશનની મોબાઈલ એપ્લીકેશન, વિડીઓ, ફાઈલો એ "સેવ-મમરા" છે. એ નાસ્તા માટે સારાં છે. એ ક્યારેય સમાજની ભૂખ નહી ભાંગી શકે. "સેવ-મમરા" ક્યારેય ભોજનનો વિકલ્પ ન બની શકે.

શિક્ષક કેટલો ભાગ્યશાળી છે, જુઓ. આ દેશનો ભવિષ્યનો વડાપ્રધાન, ભવિષ્યનો કોઈ શ્રેષ્ઠ ડોક્ટર, ભવિષ્યનો કોઈ વૈજ્ઞાનિક, ભવિષ્યનો કોઈ પરમવીર ચક્ર વિજેતા સૈનિક, ભવિષ્યનો કોઈ બાહોશ વકીલ એ બધાં વર્તમાનમાં શિક્ષકના હાથ નીચે ભણી રહ્યાં હશે. શિક્ષકને ભવિષ્યનો નિર્માતા એમ ને એમ નથી કહ્યો.

# નાના હતા ત્યારે... એક જમાનો હતો...



પિયુષભાઈ આહીર
મોટીવેશન સ્પીકર
ભગુડા (મોગલ ધામ)



મોહતાજ ના હું કશાનો હતો . કોણ માનશે.?
અને મારો ય એક જમાનો હતો. કોણ માનશે.?

- રૂસવા, પાજોદ

આંબાની એ આમ્રમંજરી, ભરચક ઉનાળો, બળબળતો બપોર, કાળઝાળ ગરમી, મોંઢા બાળતી લૂ, ધગધગતી ધરતી અને ઉનીબોળ સડકો, આંબા ડાળે ટહુકતી કોયલ, મલક આખ્ખાયના આંબે પહોંચી

વળતી ગામની રખડું ટોળી, આંબા ઉપરની સાંખની મીઠાશ , કાચી ખાગઠી ને મીઠું મરચું નો મોરબો,

માફ અને તમારૂ આવું અલગારી બાળપણ આજની પેઢી માટે દિવાસ્વપ્ન સમાન છે અને એમાં પણ આ ઉનાળાનું વૅકેશન પડે એટલે સવાર સવારમાં ગિલ્લીદંડા , ભરબપોરે પત્તા , સાંજે ક્રિકેટ, સતોડિયું અને ઘંટડી વાગે એટલે બરફનો ગોળો ને વળી અડધા રૂપિયાના ગોળામાં બે વાર રંગ નખવવો. રાત પડે એટલે ફરી રમતો ચાલુ ને ચાલુ ... પંદર વીસ જણાના ટોળેટોળા, ખડકીઓમાં ચારેબાજુ અવાજ અવાજ અને દેકારા પડકારા હો બાપલા..

આ ઉનાળાની રજાઓમાં વીસ - પચ્ચીસ દિવસ મામા, માસી, કાકા, ફઈને ત્યાં રોકવા જવાનું અને ત્યાં પણ એવી ટોળકીઓ ને ટેસડો.બપોરે એકબાજુ ઘરે ઘઉં સાફ થતા હોય અને સાંજ પડે ખડકીમાં મરચું ખંડાતું હોય. ત્યારે તો AC શું એ પણ ખબર નહોતી. અને રાત્રે થાક્યા-પાક્યા ઉપર અગાસીમાં કે ખુલ્લાં ખર ખેતરમાં ઠંડાં પવનની લહેરખી ઓની વચ્ચે બ્રહ્માંડના તારાઓને જોઈને એકદમ આશ્ચર્ય પામતા પામતા સૂઈ જવાનું. આ સામે આકાશમાં દેખાય છે એ ખરેખર છે શું.? ત્યાં કોણ રહેતું હશે?? એ આપણને જોઈ શકતું હશે.? આ તારાઓ આપણી ઉપર પડતા કેમ નથી.? આ ચંદ્ર આટલું બધું અજવાળું કેવી રીતે આપતો હશે.?? આ બધાના વૈજ્ઞાનિક કારણો ગમે તે હશે પણ એ વખત કલ્પનાઓ કરવાની બહુ મજા આવતી...


નાનપણની ખરી મજા ઉનાળાએ જ આપી છે. એ પછી કેરીઓ ખાવાની હોય કે ઉનીબોળ લૂ માં ખુલ્લાં ઉઘાડા પગે રખડવાની હોય.. અત્યારે નોકરી, ધંધા પર બેઠા પછી ગરમી કાળઝાળ લાગે છે પણ એ વખતે તો આ ઉનાળો જ સૌથી પ્રિય લાગતો. કારણકે જિંદગીની સૌથી અમૂલ્ય ક્ષણો જ એ ઋતુની મોજમાં કોતરાયેલી હતી.

હવે મોટા થયા ત્યારે નોટો ગણ ગણ કરીએ છીએ, પ્રોપર્ટી ગણ ગણ કરીએ છીએ, નાના હતા ત્યારે સ્કૂલ ખૂલવામાં હવે કેટલા દિવસ બાકી બસ એની જ ગણતરીઓ થતી હતી. કાશ આ પૈસાની થોકડીઓ એ મારું અલગારી બાળપણ પાછું લાવી આપતી હોત તો.?????? શરીર પર ગમે એટલા ઘા લાગતા તો પણ રુજ આવી જતી હતી અને એ ઉંમરે દિલ પર તો જાણે ઘા લાગતા જ ના હતા.. લુચ્ચાઈ કેને કહેવાય એ ખબર જ ના પડતી. માણસો એ માણસોનું બીજું સ્વરૂપ ક્યારેય જોયેલું જ ના હતું. એ દુનિયા એકદમ નાની પણ એકદમ સુંદર અને ભવ્ય હતી. જે હવેની પેઢીના નસીબમાં નથી..

દફ્તર લઈને દોડવું, તૂટેલાં ચપ્પલનું જોડવું, નાસ્તાના ડબ્બાઓ, શર્ટ પર શાહીના ધબ્બાઓ, ખોબે ખોબે પીવાતું પાણી, રીસેસની વિશેષ ઉજાણી, બેફામ રમાતા પકડ દાવ...ઘૂંટણએ પડતા આછા ઘાવ, બાયોંથી લૂછાતા ચહેરા, શેરીઓમાં અસંખ્ય ફેરાં, ઉતરાયણની રાત જાગી, પકડાયેલા પતંગની ભાગી, ભાડાંની સાઈકલનાં ફેરાં, મહોલ્લાના ઓટલા પર ડેરા, મંજીની રેલમ છેલ, ગિલ્લી દંડાનો એ ખેલ, ચાર ઠીકડી ને આટા પાટા, લાઈટના થાંભલે ગામગપાટા, વરસાદે ભરપૂર પલળવું...લૂ માં ખુલ્લા પગે રખડવું, બોર આમલીનાં ચટાકા, પીઠ પર માસ્તરના ફટાકા, બિન્દાસ ઉજવાતું વેકેશન... સ્કૂલ અને ટ્યુશનનું નાં ટેન્શન...

બધું ભૂલાઈ ગયું આ મોર્ડન લાઈફની લાયમાં....

કેવાં હતાં આપણે બધાં પાસે-પાસે ? જો ને નીકળી ગયા સહુ જિંદગીના પ્રવાસે..! માળો બનાવવામાં એવા મશગુલ થઈ ગયા કે જાણે ઉડવા માટે પાંખ છે એજ ભૂલી ગયા..!





# જાપાની ચોખાના દાણા

પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

દુનિયાના વિવિધ રાષ્ટ્રોમાં જાપાન નાનકડો પણ સતત ઉધમશીલ દેશ છે. અમેરિકાએ જાપાન પર નાંખેલાં બે અણુબોંબથી નાગાસાકી અને હીરોશીમા શહેર જમીન દોસ્ત થઈ ગયેલા . છતાં થોડા વર્ષોની સખત મહેનતથી ફરી ધમધમતા કરી નાખનાર જાપાની પ્રજા ખરેખર સાહસી પ્રજા છે.

જાપાન બૌધ્ધ રાષ્ટ્ર છે. ત્યાંના લોકો રાષ્ટ્રપ્રેમી છે. એક વખત જાપાની ચિત્રકાર ભગવાન બુધ્ધના જીવન સંબંધી ચિત્રો બનાવવા ભારતમાં સારનાથ પહોંચ્યા. દિવાલ પરના ચિત્રો દોરવામાં તે વ્યસ્ત રહેતાં. રાત્રે માત્ર એક વખત તે ભોજન બનાવતાં. તે તપેલીમાં ચોખા, દાળ અને બટાકા નાખી ખીચડી બનાવતાં.

સારનાથના એક બૌધ્ધ ભિક્ષુકએ એક વખત ખીચડી બનાવવા ડબા માંથી ચોખાના કેટલાક દાણા તપેલીમાં નાંખતાં તેમને જોયાતો તેને નવાઇ લાગી. તેણે ચિત્રકારને ચોખાની વિશેષતા પૂછી તો ચિત્રકાર બોલ્યા, "આદરણીય ભાઈ ! ચોખાના દાણા મારા દેશ, મારી માતૃભૂમિનાછે. હું મારી માતૃભૂમિનો સતત અહેસાસ કરી શકું તેથી હું તેને ખિચડીમાં મેળવી લઉ છું. તેનાથી ખિચડી પણ સ્વાદિષ્ટ બને છે."

બૌધ્ધ ભિક્ષુક તેનો રાષ્ટ્રપ્રેમ જોઇ ગદગદ થઇ ગયા.

સાચો રાષ્ટ્રભક્ત દુનિયામાં ક્યાંય પણ રહેતો હોય પણ તે પોતાના દેશને ભૂલતો નથી . એથી તે એવો ક્રમ બનાવે છે. જેનાથી તે માતૃભૂમિ સાથે જોડાયેલો રહે. જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે. ધન્ય છે જાપાન રાષ્ટ્ર અને ધન્ય છે તેમના પ્રજાજનો.

# શાળાની પ્રવૃત્તિઓ

## શાળાની વિદ્યાર્થીની ની મડવર્ક કલા



ઉર્વશી ડી. સોઢા
ધોરણ-૧૧











## ધોરણ-૮(અંગ્રેજી માધ્યમ) ના વિદ્યાર્થીઓના વાલી સાથે મિટિંગ



















# વિજ્ઞાન દિવસની ઉજવણી







## ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓનું કુમ કુમ તિલકથી પરિક્ષામાં સ્વાગત





## વિદાય સમારંભ
## ધોરણ-૮

---

### શાળાના વિદ્યાર્થીઓ યંગ ટેલેન્ટ અને પૂર્વ ટેલેન્ટ પરિક્ષામાં

